# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **નાગરિકોની સમસ્યાના નિવારણ માટેની વ્યવસ્થા જિલ્લા સ્તરે ઊભી કરવા મુખ્યમંત્રીની કલેક્ટરો અને વિકાસ અધિકારીઓને સલાહ.**
2) ગૃહ મંત્રાલય દ્વારા સુરતના ઈચ્છાપોર પોલીસ મથકને દેશના સર્વશ્રેષ્ઠ પોલીસમથકનો પુરસ્કાર એનાયત.
3) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ આવતીકાલે નવસારીમાં ત્રણ દિવસના રાજ્યકક્ષાના કૃષિમેળાનો પ્રારંભ કરાવશે.
4) આગામી 24 કલાકમાં નલિયા, પોરબંદર અને રાજકોટમાં કૉલ્ડવેવની આગાહી સાથે યલૉ અલર્ટ જાહેર કરાયું.
5) ઉત્તરાખંડમાં યોજાયેલી જુડો સ્પર્ધામાં સાબરકાંઠાના ખેલાડીએ રજત ચંદ્રક મેળવ્યો.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GANDHINAGAR COLLECTOR DDO MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સમસ્યાના નિવારણ માટેની વ્યવસ્થા જીલ્લા સ્તરે ઉભી કરવા અધિકારીઓને સલાહ આપી છે. ગાંધીનગરમાં આજે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીની યોજાયેલી સમીક્ષા બેઠકમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. શ્રી પટેલે અધિકારીઓને લોકસંપર્ક વધારવા સ્થળ મુલાકાત લેવા પણ અધિકારીઓને અપીલ કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, સ્થળ મુલાકાતમાં લોકોની રજૂઆતો અને ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવાની સાથે અધિકારીઓ અને કર્મચારીઓના વ્યવહાર વર્તનની પ્રતિક્રિયા મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ. તેમજ સામાન્ય નાગરિકોએ રજૂઆત માટે “સ્વાગત” કાર્યક્રમમાં આવવું ન પડે તેવી સ્થિતિનું નિર્માણ કરવા મુખ્યમંત્રીની અધિકારીઓને સલાહ આપી છે. આ અંગે મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ વધુ માહિતી આપી.

(બાઈટઃ જયંતિ રવિ, અધિક મુખ્યસચિવ, મહેસુલ વિભાગ)

# HIGH COURT PENDING CASES

રાજ્યની વડી અદાલતમાં હાલમાં એક લાખ 70 હજાર 963 કેસ અને જિલ્લા તેમજ નીચલી અદાલતોમાં 16 લાખ 90 હજાર 643 કેસ પડતર છે. રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ ગઈકાલે પૂછેલા પ્રશ્નનો કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જૂનરામ મેઘવાલે જવાબમાં આ માહિતી આપી હતી.

શ્રી મેઘવાલે જણાવ્યું કે, ગુજરાત વડી અદાલતમાં ન્યાયાધીશની કુલ મંજૂર કરાયેલી 52માંથી 20 જગ્યા ખાલી છે. જ્યારે રાજ્યની જિલ્લા અને નીચલી અદાલતોમાં ન્યાયાધીશની કુલ મંજૂર કરાયેલી એક હજાર 720માંથી 535 જગ્યા ખાલી છે.

# SURAT ICCHAPOR POLICE STATION AWARD

ગૃહ મંત્રાલય દ્વારા સુરતના ઈચ્છાપોર પોલીસમથકને દેશના સર્વશ્રેષ્ઠ પોલીસમથકનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. સત્તાવાર યાદી મુજબ, કાયદો અને વ્યવસ્થામાં વિશેષ કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે પોલીસ મથકને પુરસ્કાર એનાયત કરાયો હતો.

ઈચ્છાપોર પોલીસ મથકમા વર્ષ 2022થી 2024 વચ્ચે મિલકત સંબંધી ગુનાઓમાં 79થી 83 ટકા ડિટેક્શન દર સાથેની કામગીરી કરવામાં આવી છે. ઉપરાંત એક વર્ષમાં 24 નાસતા-ફરતા આરોપીને પકડવામાં આવ્યા છે.  આ અંગે ઈચ્છાપોરના પોલીસ ઇન્સ્પેક્ટર એ. સી. ગોહિલે પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટઃ એ. સી. ગોહિલ, PI, ઈચ્છાપોર પોલીસમથક)

## GANDHINAGAR BZ GROUP

અમદાવાદના એક ખાનગી સમૂહ દ્વારા કરાયેલી કરોડો રૂપિયાની છેતરપિંડી અંગે અત્યાર સુધીમાં FIR નોંધવામાં આવી છે. ગાંધીનગરમાં C.I.D. ક્રાઈમના SP હિમાંશુ વર્માએ જણાવ્યું કે, આ કૌભાંડમાં રાજ્યના આઠ જિલ્લાના લોકો ભોગ બન્યા હોવાનું જણાયું છે. આ કેસમાં મુખ્ય FIRમાં 8 આરોપીના નામ નોંધાયા છે. આઠમાંથી સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ટૂંક સમયમાં ધરપકડ કરાશે.

આ અંગેની તપાસ દરમિયાન 360 કરોડ રૂપિયાની રકમની માહિતી મળી છે. આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાના તમામ ખાતા સિઝ કરાયા છે. CID ક્રાઈમે અત્યાર સુધી આ કેસમાં 100થી વધુ લોકોના નિવેદન લીધા છે.

## CRIME CONFERENCE-RAJKOT

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા તેમજ ગુનાના મામલાઓ ઘટાડવા દરેક મહાનગપાલિકાઓમાં સમયાંતરે યોજાતી બેઠકો અંતર્ગત આજે રાજકોટમાં પ્રથમ અને રાજ્યની ત્રીજી ક્રાઈમ કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં 18 જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ગુનાખોરીને ડામવાની મહત્વની બાબતો

અંગે ચર્ચા વિચારણા થઈ તેમજ નવો એક્શન પ્લાન બનાવવા માટે પણ પરસ્પર વિચારોની આપ લે કરાઈ હતી.

## HEALTHCARE COUNCIL

રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સીલની રચના કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, આ કાઉન્સીલમાં 15 સભ્યોની નિમણૂક કરાઈ છે.

આ કાઉન્સીલ હેઠળ અંડર ગ્રેજ્યુએટ એલાઈડ એન્ડ હેલ્થકેર એજ્યુકેશન બોર્ડ, પોસ્ટ ગ્રેજ્યુએટ એલાઈડ એન્ડ હેલ્થકેર એજ્યુકેશન બોર્ડ, એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ, એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ એથિક્સ એન્ડ રજિસ્ટ્રેશન બોર્ડ એમ ચાર જેટલા બોર્ડ બનાવવામાં આવશે. આ તમામ બોર્ડ શિક્ષણના ધોરણે અને ગુણવત્તા વગેરે બાબતોનું નિયમન કરશે.

## DANG ROAD MANJURI

રાજ્ય સરકારે ડાંગ જિલ્લાના 22 કરોડ 19 લાખ રૂપિયાથી વધુ કિંમતના કુલ 27 ગ્રામીણ માર્ગોને મંજૂરી આપી છે.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, રાજ્ય સરકારે આપેલી મંજૂરી મુજબ આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં માટીકામ, મેંટલકામ, ડામરકામ અને જરૂરી નાળાકામ સહિતની કામગીરી કરાશે.

જ્યારે આહવાના 9, વઘઈના 2 અને સુબીર તાલુકાના 2 માર્ગનું રિસર્ફેસિંગ અને મજબૂતીકરણ કરાશે.

# NAVSARI KRUSHI MELO

કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટીલ આવતીકાલે નવસારીમાં ત્રણ દિવસના રાજ્યકક્ષાના કૃષિમેળાનો પ્રારંભ કરાવશે. આ મેળામાં 25 હજારથી વધુ ખેડૂતો ભાગ લેશે. ઉપરાંત 120 જેટલી પ્રદર્શન હાટડી તૈયાર કરાશે. નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલય ખાતે 23 ડિસેમ્બર સુધી યોજાનારા આ મેળામાં પશુપાલકો, વિતરકો, સહકારી અને સરકારી સંસ્થા, કૃષિ વૈજ્ઞાનિકો તેમજ મહાવિદ્યાલય-શાળાના વિદ્યાર્થીઓ પણ મુલાકાતે આવશે. આ અંગે નવસારી વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ. ઝીણા પટેલે માહિતી આપી હતી.

## (બાઇટ- ડો. ઝીણા પટેલ, કુલપતિ, નવસારી વિશ્વ વિદ્યાલય)

ઉલ્લેખનીય છે કે, નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડો. ઝીણા પટેલને 25 લાખ લીટર વરસાદી પાણીના સંગ્રહ બદલ ‘જળ પ્રહરી’ સન્માન એનાયત કરાયું. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રીય રાજ્યમંત્રી રાજભૂષણ ચૌધરી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમને આ સન્માનપત્ર એનાયત કરાયું હતું.

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 24 કલાકમાં નલિયા, પોરબંદર અને રાજકોટમાં ઠંડીનુંમોજું ફરી વળવાની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યું છે.

અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી સપ્તાહમાં રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના તાપમાનમાં મોટા ફેરફારની કોઈ આગાહી નથી. શ્રી ચૌહાણે ઉમેર્યું કે, તાપમાનનો પારો સામાન્ય કરતા 4.5 ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટે ત્યારે કૉલ્ડ વેવ એટલે કે, ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરાઇ છે. જ્યારે ગત 24 કલાકમાં રાજકોટ અને નલિયામાં આ સ્થિતિ જોવા મળી હતી. નલિયામાં તાપમાન 6.4 ડિગ્રીએ પહોંચ્યું છે.

# SABARKANTHA SILVER MEDAL

ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની અંડર- 19 સ્કૂલ ફેડરેશન ઓફ ઇન્ડિયન- SGFI જુડો સ્પર્ધામાં સાબરકાંઠાના ખેલાડી શૈલેષ ભરવાડે રજત ચંદ્રક જીત્યો છે. ઈડરની પ્રતાપ હાઈસ્કૂલમાં ભણતા અને ચંદ્રક જીતનારા ખેલાડીએ પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ શૈલેષ ભરવાડ, જુડો ખેલાડી)

# PANCHMAHAL- SADHAN SAHAY

પંચમહાલ જિલ્લાના મોરવાહડફ તાલુકામાં દિવ્યાંગજનો માટે વિનામુલ્યે સાધન સહાય વિતરણ શિબિરનું આયોજન થયું. ધારાસભ્યશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ શિબિરમાં 318 લાભાર્થીઓને 34 લાખ રૂપિયાથી વધુના મોટરાઇઝડ સાયકલ, ટ્રાઇસીકલ, વ્હીલચેર, કેલીપર્સ વિગેરે જેવા 21 પ્રકારના સાધન સહાયનું વિતરણ કરાયું હતું.